**GUJARAT BILL NO. 14 OF 2022.**

**THE GUJARAT NATIONAL LAW UNIVERSITY (AMENDMENT) BILL, 2022.**

***A BILL***

*further to amend the Gujarat National Law University Act, 2003.*

**સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૪ .**

## ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૨.

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના તોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૨૦૨૨ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૨૦૦૩નો ગુજરાતનો ૯મો.** **૨.** ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૩માં, કલમ ૩માં, પેટા-કલમ (૧)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:- **સન ૨૦૦૩ના ગુજરાતના ૯મા અધિનિયમની કલમ ૩નો સુધારો.**

"પરંતુ જનરલ કાઉન્સિલ, વખતોવખત, ઠરાવ મારફત, ગુજરાત રાજ્યની અંદર અથવા બહાર આવેલા સ્થળે યુનિવર્સિટીના નિયંત્રણ હેઠળનું વધારાનું કૅમ્પસ સ્થાપી શકશે. જનરલ કાઉન્સિલને આ અધિનિયમની જોગવાઇઓ મુજબ સ્થાપવામાં આવેલ આવા વધારાના કૅમ્પસનું નિયમન, વહીવટ અને સંચાલન કરવાની તમામ સત્તા રહેશે.".

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૩થી, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (GNLU), ગાંધીનગર, ગુજરાત-ખાતે સ્થાપવામાં આવી હતી.

યુનિવર્સિટી ભારતમાં કાયદાકીય સંશોધનની અગ્રેસર સંસ્થા તરીકે સ્થાપિત થયેલી છે અને છેલ્લા બે દાયકામાં સમગ્ર ભારતમાંથી આવેલા વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત કાયદાકીય શિક્ષણ આપવામાં સફળ રહી છે. તે, વિદ્યાર્થી, વિદ્યાશાખા (ફેકલ્ટી) અને સંશોધન કાર્ય સંબંધિત ભારતની સૌથી મોટી નેશનલ લો યુનિવર્સિટી છે.

ગુજરાત સરકાર સમાજની પ્રગતિ માટે કાયદાકીય શિક્ષણ આપવાના મહત્વને માને છે અને દેશના યુવાનોમાં રોજગારી ઊભી કરવાની તક તરીકે વકીલાતના કૌશલ્યો મેળવવા માટે પ્રોત્સાહન આપે છે. સરકાર, જ્યાં વ્યક્તિઓ પોતાના હકો અને ફરજોથી માહિતગાર હોય તેવો સમાજ ઊભો કરવાના હેતુથી, દેશના તમામ નાગરિકોને પરવડે તેવા અને સહેલાઈથી મેળવી શકાય તેવા ગુણવત્તાયુક્ત કાયદાકીય શિક્ષણને પ્રોત્સાહન આપવા પણ ઉત્સુક છે.

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૩માં ગુજરાત રાજ્યની બહાર કૅમ્પસ ઊભું કરવાની સત્તા આપતી કોઇ જોગવાઈ ન હોવાથી, સદરહુ અધિનિયમની કલમ ૩ સુધારવાનું જરૂરી જણાયું છે, જેથી કરીને, ગુજરાત રાજ્યની અંદર અથવા બહાર આવેલા સ્થળોએ વધારાના કૅમ્પસ સ્થાપી શકાય. વિધેયકની કલમ ૨-થી તે અંગેની જોગવાઈ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**રાજેન્દ્ર ત્રિવેદી,**

**ધારાકીય સત્તા સોંપવાની યાદી**

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છેઃ-

***કલમ ૧.-*** (૧) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સદરહુ અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨.** **રાજેન્દ્ર ત્રિવેદી.**

## પુરવણી

## ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩ના ગુજરાતના ૯મા)માંથી ઉતારો

**યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન**

**૩. (૧)** ગુજરાત રાજ્યમાં, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી એ નામની એક યુનિવર્સિટી સ્થપાશે, જે યુનિવર્સિટીના વિઝિટર, અધ્યક્ષ, જનરલ કાઉન્સિલ, એક્ઝિક્યુટીવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ અને અધિકારીઓની બનશે.

(૨) xxx xxx xxx

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૪ .]

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી રાજેન્દ્ર ત્રિવેદી,

કાયદા મંત્રીશ્રી]

(સન ૨૦૨૨ના સપ્ટેમ્બર મહિનાની ૧૯ મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT NATIONAL LAW UNIVERSITY (AMENDMENT) BILL, 2022.**

**GUJARAT BILL NO. 14 OF 2022.**

***A BILL***

*further to amend the Gujarat National Law University Act, 2003.*

It is hereby enacted in the Seventy-third Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat National Law University (Amendment) Act, 2022.

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

Amendment of section 3 of Guj. 9 of 2003.

**2.** In the Gujarat National Law University Act, 2003, in section 3, to sub-section (1), the following proviso shall be inserted, namely:- Guj. 9 of 2003.

"Provided that the General Council may, from time to time, through resolution establish additional campus at such place within or outside the State of Gujarat under the control of the University. The General Council shall have all the powers to govern, administer and manage such additional campus so established as per the provisions of this Act.".

## STATEMENT OF OBJECTS AND REASONS

The Gujarat National Law University (GNLU) at Gandhinagar, Gujarat was established by the Gujarat National Law University Act, 2003.

The University has been established as a premiere institute of legal research in India; and has been successful in imparting quality legal education to the students from all over India in the last two decades. It is the largest National Law University of India in terms of student, faculty and research work.

The Government of Gujarat recognises the importance of imparting legal education for the betterment of society and promotes access to advocacy skills as a way of generating employment in the youth of the country. Also the Government is keen to promote affordable and easily accessible quality legal education to all the citizens of the country, in order to create a society where individuals are aware of their rights and duties.

As the Gujarat National Law University Act, 2003 has no enabling provision for the setting up of campus outside the State of Gujarat, it is considered necessary to amend section 3 of the said Act so as to establish additional campus at such places within or outside the State of Gujarat. *Clause* 2 of the Bill provides for the same.

This Bill seeks to amend the said Act to achieve the aforesaid object.

**RAJENDRA TRIVEDI,**

## MEMORENDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill involves the delegation of legislative power in the following respects: -

***Clause 1.-*** Sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette,* the date on which the said Act shall come into force.

The delegation of legislative power, as aforesaid, is necessary and is in normal character.

Dated the 19th September ,2022 **RAJENDRA TRIVEDI.**

*ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT NATIONAL LAW UNIVERSITY ACT, 2003.

**( Guj. 9 of 2003)**

---

**Establishment and Incorporation of University.**

**3.** (1) There shall be established, in the State of Gujarat, a University by the name of the Gujarat National Law University which shall consist of the Visitor, the Chairman, the General Council, the Executive Council, the Academic Council and the Officers of the University;

(2) XXX XXX XXX

GUJARAT LEGISLATURE SECRETARIAT

**GUJARAT BILL NO. 14 OF 2022.**

***A BILL***

*further to amend the Gujarat National Law University Act, 2003.*

**[ SHRI RAJENDRA TRIVEDI,
MINISTER FOR LAW]**

**(As published in the Gujarat Government Gazette of 19th September, 2022)**

**D.M.Patel,
Secretary,
Gujarat Legislative Assembly.**

----------

Government Central Press, Gandhinagar.